વર્ષ ૨૦૨૪-૨૫ માટે સમાજ સુરક્ષા હસ્તકના ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને ત્રીજા અને ચોથા હપ્તાની ગ્રાન્ટ ફાળવવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-SJED/ PUR/e-file/17/2023/1099/CHH-1
સચિવાલય, ગાંધીનગર
તા.૨૭/03/૨૦૨૫.

વંચાણમાં લીધા:-

(૧)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:-SJED/DPC/e-file/17/2024/0302/CHH-1, તા.૧૧/૦૬/૨૦૨૪નો ઠરાવ

(૨)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૦૨/૦૯/૨૦૨૪નો ઠરાવ

(3)નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૧૮/03/૨૦૨૫નો પત્ર ક્રમાંક- DSD/0311/03/2025

આમુખ:-

આ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-(૧) પરના તા:૧૧/૦૬/૨૦૨૪ના ઠરાવથી સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળના ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા માટે આ વિભાગના વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં થયેલ રૂ.૬૦૦.૦૦લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ શેરમૂડીની ગ્રાંટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની, સમાન ફાળાની ગ્રાંટ પેટે રૂ.૧.૦૦ લાખની અને વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૮૪.૦૦લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના સરખા ક્રમાંકના વંચાણે લીધેલ ક્રમાંક-(૨) પરના તા.૦૨/૦૯/૨૦૨૪ના ઠરાવથી

નિયામકશ્રી સમાજ સુરક્ષા હસ્તકના ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા, શેરમૂડીની ગ્રાંટ પેટે, સમાન ફાળાની ગ્રાંટ પેટે, વહીવટી ગ્રાન્ટ પેટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૭૮૫.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી પ્રથમ અને બીજા હપ્તા પેટે ફાળવેલ રૂા.૩૯૨.૫૦ લાખની (૨૫% + ૨૫% મુજબ) ગ્રાન્ટ ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવામાં આવેલ છે. હવે નિયામકશ્રી, સમાજ સુરક્ષાની કચેરીએ વંચાણે લીધેલ ક્રમાંક-(૩) પરના

તા.૧૮/૦૩/૨૦૨૫ના પત્રથી સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકના ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા, શેરમૂડીની ગ્રાંટ પેટે, સમાન ફાળાની ગ્રાંટ પેટે, વહીવટી ગ્રાન્ટ પેટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં થયેલ રૂ.૭૮૫.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી ત્રીજા અને ચોથા હપ્તા પેટે ફાળવેલ કુલ રૂા.૩૯૨.૫૦ લાખની (૨૫% + ૨૫% મુજબ) ગ્રાન્ટ ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:-</u>

પુખ્ત વિચારણાના અંતે, નિયામકશ્રી સમાજ સુરક્ષા હસ્તકના ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના અંતર્ગત લોન આપવા, શેરમૂડીની ગ્રાંટ પેટે, સમાન ફાળાની ગ્રાંટ પેટે, વહીવટી ગ્રાન્ટ પેટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવિષ્ટ રૂ.૭૮૫.૦૦ લાખની બજેટ જોગવાઈ પૈકી નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ ત્રીજા અને ચોથા હપ્તા પેટે ફાળવેલ રૂા.૩૯૨.૫૦ લાખની (૨૫% + ૨૫% મુજબ) ગ્રાન્ટ નીચેના કોષ્ટકમાં દર્શાવેલ વિગતે ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમના હવાલે મૂકવા તેમજ નીચેની શરતોને આધીન નિયામકશ્રી (સ.સુ.)ને આથી મંજૂરી આપવા આપવામાં આવે છે.

| Sr. no | Name of Scheme & Budget Head | Budget Estimates Rs.in lakh | 3rd & 4th Installments 50% Demands Rs.in lakh |
|---|---|---|---|
| | | 2024-25 | 10/24 to 03/25 |
| 1 | 2 | 3 | 4 |
| 1 | G.S.H.F.& D. (Divyang) Corporation (administrative) 092 : 2235 : 02 : 190 : 01 ( SSW-24) | **84.00** | **42.00** |
| 2 | G.S.H.F.& D. (Divyang) Corporation Share Capital 092 : 4235 : 02 : 190 : 01 ( SSW-25 ) | **100.00** | **50.00** |
| 3 | Loans to G.S.H.F.& D. (Divyang) Corporation for **Matching Share** in N.H.F. & D. Corporation | **1.00** | **0.50** |

| | | | |
|---|---|---|---|
| | 092 : 6235 : 02 : 190 : 01 ( SSW-26) | | |
| 4 | Loans to G.S.H.F.&D (Divyang) Corporation State Scheme<br>092 : 6235 : 02 : 190 : 02 ( SSW-27) | **600.00** | **300.00** |
| | Total : Demand No.92 | **785.00** | **392.50** |

<u>શરતો:</u>

1. ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમે વર્ષ ૨૦૨૩-૨૪ સુધીના હિસાબો પૂર્ણ કરી અદ્યતન વિગતો પુફ સિસ્ટમમાં અપલોડ કરવાની રહેશે.
2. આ ગ્રાન્ટ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમના હવાલે મુકવાની રહેશે અને તેની જાણ વિભાગને કરવાની રહેશે.
3. ઉપર્યુક્ત મંજૂર કરવામાં આવેલ ગ્રાન્ટ જે હેતુ માટે છૂટી કરવામાં આવે છે તે હેતુ સિવાયના અન્ય હેતુ માટે સરકારશ્રીની પૂર્વમંજૂરી સિવાય ખર્ચ કરી શકાશે નહીં. આ અગાઉ તેમજ આ ઠરાવથી છૂટી કરવામાં આવેલ વહીવટી ગ્રાન્ટની રકમમાંથી કરવામાં આવેલ ખર્ચની વિગતો તાત્કાલિક વિભાગને રજૂ કરવાની રહેશે.
4. સને ૨૦૨૪-૨૫ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.
5. વહીવટી ગ્રાંટ બાબતે જગ્યાઓ ચાલુ રાખવા બાબતે સક્ષમ અધિકારીની મંજૂરી બાદ જ ખર્ચ કરી શકાશે.
6. આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે તેમજ વર્ષના અંતે બચત રહેતી રકમ સરન્ડર કરવાની રહેશે.
7. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો ખર્ચ કરતી વખતે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
8. આ મંજૂરી અન્વયે જો કોઇ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમો અનુસાર કરવાની રહેશે.

9. નવી સેવાઓના સંદર્ભમાં નાણાં સલાહકારશ્રી/નાણાં વિભાગની મંજૂરી મળ્યા બાદ જ ખર્ચ કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ ઉક્ત કોષ્ટકમાં દર્શાવેલ બજેટ સદરે ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણા અને વિકાસ નિગમને વહીવટી ગ્રાંટ પેટે, શેરમૂડી હેઠળ, સમાન ફાળા પેટે, ૧૦૦% રાજ્ય સરકારની દિવ્યાંગજન મુદ્દતી ધિરાણ યોજના માટે ધિરાણ હેઠળ આ વિભાગના નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઇ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૫/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, (સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (આ.બા.)ના રહસ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય દિવ્યાંગજન નાણાં અને વિકાસ નિગમની કચેરી, છઠ્ઠો માળ, બ્લોક નં.૧, એ-૧ વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- છ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.

- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ